શામળાજી નજીક બે ટ્રકના અકસ્માતથી અફડાતફડી : ૧૦ કલાક સુધી નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી મંગલમુર્તિ હોટલ સામે ગુરૂવારે રાત્રીના સુમારે રાજસ્થાન તરફથી આવતા પરપ્રાંતિય ટ્રક ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી ડિવાઈડર-રેલીંગ તોડી હિંમતનગર તરફથી આવતા ટ્રકને અથડાવી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સદનસિબે બન્ને ટ્રકના ચાલકોનો આબાદ બચાવ થયો હતો અને ઈજાઓ પહોંચતા શામળાજી પોલીસે શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. બે ટ્રકોના અકસ્માતના પગલે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર ૧૨ કિમીનો ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. વરસાદના લીધે રસ્તો ધોવાઈ જતા એક તરફ જ હાઈવે માર્ગ ચાલુ હોવાથી ૧૦ કલાક સુધી વાહન ચાલકોએ રાત્રીના સમયે રોડ પર પસાર કરવી પડી હતી. શામળાજી પોલીસે ભારે જહેમત ઉઠાવી હાઈવે માર્ગ પર ટ્રાફિક દૂર કર્યો હતો.

ભિલોડા પતંજલી મહિલા યોગ સમિતી દ્વારા ઔષધીના છોડ વિતરણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા પતંજલી યોગ સમિતી અને પતંજલી મહિલા યોગ સમિતી ધ્વારા ઔષધીના છોડ વિતરણનો કાર્યક્રમ પરમ પુજ્ય બાળ કૃષ્ણજીના જન્મદિન નિમિત્તે તા.૪/૮/૨૦૧૬ ના રોજ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,અરવલ્લી જીલ્લા મહિલા પ્રભારી ઉર્વશીબેન બરંડા,ભિલોડા તાલુકા પ્રભારી હસમુખભાઈ બરંડા,જીતુભાઈ ભાટીયા,મુકેશભાઈ પટેલ,જગદીશભાઈ પંચાલ,રામઅવતાર શર્મા,દેવીલાલ શર્મા સહિત કાર્યકરો,અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા પતંજલી યોગ સમિતી અને પતંજલી મહિલા યોગ સમિતી ધ્વારા વિવિધ પ્રકારના ઔષધીના છોડનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું.

કંબોસણીની પરિણીતાને ત્રાસ અપાતા ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના કંબોસણી ગામે રહેતા શર્મિષ્ઠાબેન ઝાલાને તેમના પતિ દ્વારા વર્ષ ૨૦૦૩થી ૨૦૧૬ દરમિયાન અવારનવાર તેમના પતિ ચેતનસિંહ દલપતસિંહ ચૌહાણ, સાસુ સજજનબા દલપતસિંહ ચૌહાણ તથા સસરા દલપતસિંહ રામસિંહ ચૌહાણ દ્વારા અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપી તારા બાપના ઘરેથી દહેજ પેટે રૂા.૧ લાખ લઈ આવ તેમ કહી કાઢી મુકયા હતા. જેથી શર્મિષ્ઠાબેન પોતાના પિયર તલોદ તાલુકાના તોરણીયા ગામે આવી પતિ, સાસુ અને સસરા વિરૂધ્ધ બુધવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ડીસાના ભડથ ગામે પિતાના હાથે અકસ્માતથી ટ્રેક્ટર રિવર્સ લેતાં માસુમ પુત્રનું મોત

ડીસા, તા. ૫

ડીસા તાલુકાના ભડથ ગામમાં ભાગીયા તરીકે કામ કરતા એક પરિવારના ૧૧ મહિનાના એક

બાળકનુ અકસ્માતના કારણે મોત થતા અરેરાટી મચી જવા પામી હતી. જો કે આ અકસ્માતમાં ટ્રેક્ટરના ડ્રાઈવર તરીકે બાળકના પિતા જ હોવાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

આ બનાવની વિગત જોઈએ તો ડીસા તાલુકાના ભડથ ગામમાં એક પિતાના હાથે થયેલા અકસ્માતમાં પોતાના પુત્રનુ જ કરૂણ મોત નીપજતાં અરેરાટી મચી જવા પામી હતી. ડીસા તાલુકાના ભડથ ગામમાં ભગુભા વાઘેલા ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતા હતા તે દરમ્યાન આજે વહેલી સવારે ભગુભા અને ખેતર માલિક તેમનું ટ્રેક્ટર રિવર્સ ચલાવી રહ્યા હતા તે સમયે અચાનક ભગુભા વાઘેલાનો ૧ મહિનાનો પુત્ર ટ્રેક્ટર નીચે આવી જતા અકસ્માત સર્જાયો હતો. જો કે આ ઘટનાની જાણ થતા જ તેમના પરિવારજનો દોડી આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં તો અકસ્માતના કારણે બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ રસ્તામાં જ બાળકનું કરૂણ મોત થતા અરેરાટી મચી ગઈ હતી. જ્યારે નાના બાળકનું પરિવારજનોની આંખ સામેજ કરૂણ મોત થતા શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ અંગે મોડી સાંજ સુધી પોલીસમથકે કોઈજ ફરિયાદ નોંધાઈ ન હતી.

સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણી માટે ૪૦.૨૭ લાખ ખર્ચ કરાશે

મોડાસા, તા. ૫

સાબરકાંઠા જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

સાબરકાંઠા જિલ્લાના લોકોને પુરતુ પીવાનું પાણી મળી રહે તે માટે રૂ. ૪૦.૨૭ લાખના ખર્ચે તૈયાર થનાર નવીન ચાર યોજનાઓની મંજુરી આપવામાં આવી હતી.

જિલ્લામાં હાલ કાર્યરત પાણી પુરવઠા વિભાગની કામગીરીની માહિતી આપતા કાર્યપાલક ઈજનેર પુરોહિતે જણાવ્યું હતું કે જિલ્લામાં રૂ. ૭૪૪૭.૩૯ લાખના ખર્ચે હાલ ૬૮૪થી વધુ યોજનાઓની મંજુરી આપવામાં આવી છે. જે પૈકી રૂ. ૬૨૬૫.૫૭ લાખના ખર્ચે ૫૯૧ યોજનાઓ પુર્ણ કરવામાં આવી છે. જ્યારે ૬૫ યોજનાઓનું અમલીકરણ ગામ પંચાયત સંચાલિત પાણી સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

બેઠકમાં વિજયનગર તાલુકાના ચંદવાસા, પોશીનાના મોવતપુરા અને અંબાસર જ્યારે ઈડરના હિંમતપુર ગામની પીવાના પાણી નવિન ચાર યોજના માટે રૂ. ૪૦.૨૭ લાખના ખર્ચે સુવિધા પુરી પાડવામાં આવશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વ્યાસ સહિત પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના કેળવણીકારનું સન્માન

મોડાસા, તા. ૫

મોડાસાના કેળવણીકાર અને શિક્ષણવિદ્ ડૉ. સંતોષ દેવકરનું સન્માન કરવામાં આવ્યું હતું.

ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન દ્વારા મોડાસાના લેખક અને કેળવણીકારનું શાલ અને મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. સિનિયર સિટીઝનના પ્રમુખ જયંતીભાઈ સી. શાહે જણાવ્યું હતું કે આ કેળવણીકારે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોતાના લેખો દ્વારા સમગ્ર ગુજરાતમાં સુગંધ પહોંચાડી છે. પાઠ્યપુસ્તક મંડળથી માંડીને ગાંધીનગર સમાચાર, જયહિંદમાં તેમની નિયમિત કોલમો લોકપ્રિય બની છે. સાતસો ઉપરાંત સીનીયર સીટીજનોએ તાળીયોના ગડગડાટથી આ સન્માનને આવકારી વધાવી લીધુ હતુ.

હિંમતનગરમાંથી નાસતો ફરતો શખ્સ ઝબ્બે

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા એલસીબીએ છેલ્લા ત્રણ વર્ષથી મહેસાણા જિલ્લાના નંદાસણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફર્સ્ટ ગુના રજી.નં.૯૪/૧૩ અંતર્ગત ધાડ અને લૂંટના ગુનામાં નાસતા ફરતા કનુભાઈ ઉર્ફે કનીયો મફતલાલ સાધુને એલસીબીના પી.આઈ. સોમભાઈ પટેલ, પી.એસ.આઈ. ડી.ડી.પરમાર તથા સ્ટાફે મંગળવારે રાત્રે હિંમતનગરના પરબડા વિસ્તારમાં રહેતા અને સંઘપુર ગામની સીમમાં આવેલ દિપેશ્વરી માતાજીના મંદિર નજીકથી ઝડપી લીધો હતો.

મોડાસામાં વીજતંત્ર સફાળુ જાગ્યું ખુલ્લા મીટરો માટે કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર સમાચારના અહેવાલના પગલે મોટી જાનહાની ટળતાં પ્રજાજનોમાં હાશકારો

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી વિજતંત્રની ઘેરી બેદરકારી લોકોના નજરે ચડી હતી. પરંતુ કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા વીજતંત્રને પ્રજાજનોનો અવાજ સાંભળવાની ફુરસદ નહોતી ત્યારે ગાંધીનગર સમાચારના અહેવાલના પગલે તંત્ર દોડતુ થયું હતું.

મોડાસા શહેરના બસ સ્ટેશન પાસેના લીઓ પોલીસ ચોકી પાસે અને કલ્યાણ ચોકમાં તંત્ર દ્વારા વિજપોલ પર મીટરો, ફ્યુઝ અને વાયરો ખુલ્લા છોડી મુકી દેવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો દ્વારા તંત્રને રજૂઆત કરવા છતાં તંત્રના પેટમાંથી પાણી હલતું નહોતુ. વિજતંત્રની આ ગંભીર બેદરકારીનો અહેવાલ ગાંધીનગર સમાચારમાં ૧-૮-૨૦૧૬ના સોમવારના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર સમાચારના અહેવાલની ગંભીર નોંધ લઈને વિજતંત્ર સફાળુ જાગી ઉઠ્યું હતું અને તાત્કાલિક અસરથી કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આ અહેવાલના પગલે વીજતંત્રએ બસ સ્ટેશન પાસેના લીઓ પોલીસ ચોકી પાસે અને કલ્યાણ ચોકમાં આવેલા વિજપોલો પર ખુલ્લા લટકતા મીટરો, ફ્યુઝ અને વાયરોનું સમારકામ કર્યું હતું. આ ઉપરાંત મીટરો,, ફ્યુઝ અને વાયરોને સુરક્ષાયુક્ત રાખવા માટે પેટીઓમાં બેસાડી દેવામાં આવ્યા હતા. જેના લીધે મોટી જાનહાનિ થવાના બનાવોનું જોખમ ટળી જશે. ગાંધીનગર સમાચાર અહેવાલના પગલે વિજતંત્ર દ્વારા વિજપોલો પર સમારકામ કરી સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવતા લોકોમાં આનંદની લાગણી છવાઈ હતી.

અવસાન નોંધ

પ્રાંતિજના તપોધન ફડીમાં રહેતા મધુભાઈ ડાહ્યાલાલ રાવલના પત્ની અને ધર્મેન્દ્રભાઈ રાવલ અને હેમેન્દ્રભાઈ રાવલના માતૃશ્રી જશોદાબેન મધુકુમાર રાવલ (માજી સદસ્ય નગરપાલિકા પ્રાંતિજ)નું દુઃખદ અવસાન થયું હતું. અને અંતિમ યાત્રામાં સગાંસંબંધીઓ સહિત નગરના લોકો અગ્રણીઓ સમાજના લોકો તેમની અંતિમ યાત્રામાં જોડાયાં હતાં, જ્યારે સદગતનું બેસણું તા. ૭-૮-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૩ તેમના નિવાસસ્થાને તપોધન ફડીમાં પ્રાંતિજ ખાતે રાખવામાં આવ્યું છે.

ખેડબ્રહ્મા ખાતે પ્રેમચંદ જન્મજયંતિની ઉજવણી

ખેડબ્રહ્મા,તા. ૪

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના કોલેજ સભાખંડમાં મંગળવારના રોજ પ્રેમચંદ ૧૩૭મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલે કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. હસમુખભાઈ એમ. બારોટનું શાબ્દિક અને પુષ્પગુચ્છ અર્પી સ્વાગત કર્યું હતું. કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. અનિલ આર. ચૌહાણે કાર્યક્રમની ભૂમિકા બાંધી આજના યુગમાં પ્રેમચંદની પ્રાસંગિકતા વિષય પર ભાર મુક્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. હસમુખભાઈ એમ. બારોટે વર્તમાન યુગ અને પ્રેમચંદની રચનાઓનું સમગ્રલક્ષી મુલ્યાંકન વિષય પર પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે સમસામયિક યુગમાં પ્રેમચંદની મહત્તા અને પ્રેમચંદની અનેક રચનાઓનું ફિલ્માંકન વિષે માહિતી આપી હતી. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજની ગમાર ચંદ્રિકા, ગમાર કૈલાશ, નાયક પીનલ તથા ખોખરીયા લલીતાબેને પ્રેમચંદના જીવન ચરિત તથા એમની કૃતિઓનો પરિચય આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારદર્શન પ્રા. ડૉ. જે.એસ. રાઠવાએ કર્યું હતું.

પાલનપુર તાલુકાના મોરીયા ખાતે વન મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૫

પાલનપુર તાલુકાના મોરીયા નવોદય વિદ્યાલય ખાતે બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવેના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાનો ૬૭મો વન મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય કેશાજી ચૌહાણ, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, કલેક્ટર જેનુ દેવન, ડીડીઓ અમિત અરોરા સહિત નવ વિભાગના ઉચ્ચ અધિકારીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મોરીયાની શાળામાં ૨૭૮૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. જ્યારે બાકીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ કુલ ૧૧,૧૧૧ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેએ પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યું હતું કે જીવસૃષ્ટિને ટકાવવા વૃક્ષો જરૂરી છે. વૃક્ષો વિના માનવ કે પશુપંખીનું જીવન શક્ય જ નથી. તેમણે કહ્યું કે વૃક્ષો વરસાદ તો લાવે જ છે સાથે સાથે માનવ સમાજને ઘણું બધું આપે છે. વૃક્ષો જ આપણને હવા, પાણી ખોરાક આપે છે. તેમણે કહ્યું કે માણસને થતી અસાધ્ય બિમારીઓ પણ ઔષધિય વૃક્ષો દૂર કરે છે. તેમણે ગામલોકોને ગામમાં જ્યાં પણ પડતર જમીન હોય અથવા તો ખેતરના સેઢે પાળે વૃક્ષો વાવી તેની ખેતી કરવા પણ અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે વૃક્ષો અને બાગાયતી ખેતી દ્વારા પણ સારી આવક મેળવી શકાય છે. પ્રમુખે કહ્યું કે વધુમાં વધુ વૃક્ષો વાવી તેનુ કાળજીપુર્વક જતન કરી ભારતભૂમિને લીલીછમ્મ હરીયાળી બનાવીએ.

જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય કેશાજી ચૌહાણે જણાવ્યું કે માણસના જન્મથી મૃત્યુ સુધી વૃક્ષોનું મહત્વ છે. તેમણે કહ્યું કે ક્લાઈમેન્ટ ચેન્જના સમયમાં વાતાવરણને સમતુલીત કરવા વૃક્ષો વાવવા એ જ એકમાત્ર ઉપાય છે. તેમણે કહ્યું કે આપણા ઘર, ખેતરની આજુબાજુ જ્યાં પણ જગ્યા પડી હોય ત્યાં વૃક્ષો વાવી બનાસકાંઠાને હરીયાળો બનાવવા સંકલ્પ કરીએ. તેમણે જણાવ્યું કે વન મહોત્સવ અને આપણા સૌના સહિયારા પ્રયાસોથી બનાસકાંઠા જિલ્લો ઝડપથી હરીયાળો બનશે.

અરવલ્લીની ગીરીમાળાઓમાં જાણે મીની કાશ્મીરનો અહેસાસ કરાવતા આહ્લાદક મનમોહક દશ્યો ઠેર-ઠેર ડુંગરાળ વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે.અષાઢ માસ દરમ્યાન ક્યાંક-ક્યાંક ઝર-ઝર વરસાદ વરસ્યો ને જ્યાં જુઓ ત્યાં કુદરતી સૌદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.પવિત્ર પાવન શ્રાવણ માસ ચાલી રહ્યો છે.વિજયનગર તાલુકાના શારણેશ્વર-વિરેશ્વર મહાદેવના દર્શનાર્થે ભાવિક ભક્તો ઉમટી રહ્યા છે.વિજયનગરની પોળોમાં પ્રવસી દુર દુરથી કુદરતી નજારો માણવા આવતા હોય છે.ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં કાળીયા ઠાકોર ભગવાન શામળીયાના સાનિધ્યમાં શામળાજીમાં રોજે-રોજ હજજારો ભાવિક ભક્તો દુર-દુરથી દર્શનાર્થે આવે છે.અરવલ્લીની ગીરીમાળાઓ ઉપર કુદરતી વાતાવરણ જાણે કે ઝુમી ઉઠ્યું છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ડુંગરની ગીરીમાળાઓ ઉપર કુદરતી રીતે લીલી ચાદર પથરાઈ હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે.કુદરતી સૌદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.કુદરતે જાણે કે ડુંગરો ઉપર લીલી ચાદરો પાથરી હોય તેવા દશ્યો ઠેર-ઠેર ડુંગરાળ વિસ્તારમાં જોવા મળી રહ્યા છે.મીની કાશ્મીર સમા દશ્યો ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે.અંતરીયાળ ડુંગરાળ અમુક વિસ્તારોમાં ડુગરોમાંથી ખલ ખલ પાણીના ઝરણા પણ વહેતા થયા છે.